# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તાઃ ૮/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## ચેમ્બર દ્વારા 'લોકડાઉન બાદ વીવિંગનું ભવિષ્ય' વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજે સાંજે ૫:૦૦ કલાકે 'લોકડાઉન બાદ વીવિંગનું ભવિષ્ય' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સિગ્નેચર ગૃપના શ્રી અશોક અડવાણી, વોટરજેટ વીવર અગ્રણી શ્રી સંજય દેસાઇ અને પાંડેસરા વિવર્સ કો–ઓપરેટીવ સોસાયટીના પ્રમુખ શ્રી આશિષ ગુજરાતી દ્વારા વીવિંગ અને એમ્બ્રોઇડરી મશીનમાં લોકડાઉન દરમિયાન તથા ત્યારબાદ મશીન ચાલુ કરતી વખતે રાખવામાં આવતી સાવચેતી તેમજ લોકડાઉન બાદ ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રી માટે ઉભી થનાર તકો વિશે મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી હેતલ મહેતાએ જણાવ્યુ હતુ કે, લોકડાઉનની સ્થિતિમાં ઘણા દિવસો સુધી વીવિંગ તેમજ એમ્બ્રોઇડરી મશીનો બંધ રહેશે. આ સંજોગોમાં મશીનની કઈ રીતે સારસંભાળ રાખવી જોઇએ તેની માહિતી ઉદ્યોગકારો સુધી પહોંચાડવા માટે આજના વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ છે.

શ્રી આશિષ ગુજરાતીએ જણાવ્યુ હતુ કે, લોકડાઉનને કારણે ઘણા દિવસોથી લૂમ્સ મશીનો બંધ હાલતમાં પડયા છે તેથી મશીન ચાલુ કરતા પહેલાં બેરીંગ રીંગની તપાસ કરવી જોઇએ. હાલમાં મશીનોના સ્પીન્ડલ અને કોટને કોકોનટ ઓઇલ લગાવીને પ્લાસ્ટીક કવરથી ઢાંકી દેવા જોઇએ. સિરામીક ગાઇડ પણ ચેક કરવાનું રહેશે. મશીન ઓવરસ્પીડવાળું છે તો પ્રોપરલી ડસ્ટીંગ કરવું જોઇએ. ટેકઅપ ડ્રમ્પને પણ પ્રોપરલી ડસ્ટીંગ કરવાનું રહેશે. મશીન ચાલુ કરો ત્યારે કોટનથી વ્યવસ્થિત સાફ કર્યા બાદ મશીનને ચાલુ કરવાના રહેશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, દેશભરમાં પોલીસ્ટર, નાયલોન અને ડેનીમમાં સુરત સેકન્ડ હાઇએસ્ટ છે. વિસ્કોસમાં નંબર વન છે અને લીનનમાં નંબર ટુ છે. કોરોનાને કારણે ચાઇનાથી બધા જ નારાજ થયા છે ત્યારે ભારતની ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીને આનો લાભ ચોકકસ જ થશે. તેમણે કહ્યુ કે, વર્કરોને જાગૃત કરવા પડશે.

તેઓને કહેવું પડશે કે તેઓ સુરતમાં જ વધારે સુરક્ષિત છે. કારણ કે અહીંથી તેઓ તેમના વતન જશે એટલે તેઓને પંદર દિવસ માટે કોરેન્ટાઇન રાખવા પડશે.

શ્રી અશોક અડવાણીએ લોકડાઉન બાદ ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રી માટે નિર્માણ થનારી તકો વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, લોકડાઉન બાદ જે ફીટ હશે તે જ સર્વાઇવ કરશે. મારા મતે ભારત અત્યારે વિશ્વમાં મેડીકલી અને ઇકોનોમિકલી વધારે ફીટ છે. અન્ય દેશોની તુલનામાં ભારતમાં સરકારે કોરોનાને સારી રીતે કન્ટ્રોલમાં રાખ્યો છે. લોકડાઉન બાદ ભારતની ઇકોનોમી બેસ્ટ રહેશે. ભારત ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીમાં સેલ્ફ સફીશિયન્ટ કન્ટ્રી છે. કોટન યાર્નમાં ભારત વર્લ્ડમાં લાર્જેસ્ટ એક્ષપોર્ટર છે. યાર્ન, ફાઇબર્સમાં ભારત આગળ છે અને કોટનમાં સ્પીનિંગ યુનિટ અહીં જ અવેલેબલ છે. ભારતમાં જે બને છે તે વધારે પ્રમાણમાં ભારતમાં જ વેચાઇ જાય છે. આથી આવનારા સમયમાં ભારતની ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રી વધુ મજબુત બનશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, એક્ષપોર્ટમાં ભારતની ફેબ્રિકસ ટુ યાર્નની ચેઇન ખૂબ જ મજબુત છે. વીવિંગની ચેઇન થોડી નબળી છે. કારણ કે મોટાભાગનું કપડું કન્વેન્શનલ શટલ લૂમ્સ પર બને છે. આ દિશામાં જો અપગ્રેડ થઇશું તો સૌથી આગળ નીકળી જઇશું. તેમણે વધુમાં કહયુ કે, કુદરતી આપદામાં સુરત હંમેશા હીરો બની જાય છે. વિશ્વમાં મેન મેઇડ ફાયબરના સુરતીઓ બેસ્ટ જાણકાર છે અને મેન મેઇડ ફાયબરના જ ગારમેન્ટ વિશ્વભરમાં બની રહયાં છે. આથી ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીને ગભરાવવાની જરાય જરૂર નથી. લોકડાઉન બાદ પ્રાર્થના અને પરીશ્રમ કરવાનું રહેશે.

શ્રી અડવાણીએ વધુમાં કહયું કે, એમ્બ્રોઇડરી મશીન સુરતની ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રી માટે બેક બોર્ન છે. સુરતમાં દરરોજ ચારથી પાંચ કરોડ મીટર કપડું જે બનતું હતું તે એમ્બ્રોઇડરીને કારણે શકય થઇ શકતું હતું. પરંતુ આ ઇન્ડસ્ટ્રીના લોકોએ એમ્બ્રોઇડરીને ફેશનની સાથે જોડવું જોઇએ. ફેશનમાં નવી નવી વસ્તુઓ આવે છે. જેને ઘ્યાનમાં રાખીને એમ્બ્રોઇડરી મશીનરીને ઇવેલ્યુએટ કરવી જોઇએ. એમ્બ્રોઇડરીમાં તો હવે આર્ટીફિશિયલ ઇન્ટેલીજન્સના આધારે નવી મશીન બજારમાં આવી છે.

શ્રી સંજય દેસાઇએ જણાવ્યુ હતુ કે, વોટરજેટ લૂમ્સને ૧૫–૨૫ દિવસ બંધ રહયા બાદ આસાનીથી ફરીથી ચાલુ કરી શકાય છે અને એમાં કોઇ ખરાબી પણ આવશે નહીં. અત્યારે યુનિટ બંધ છે એટલે મોશ્ચર લાગવાનો ચાન્સ ઓછો છે. આ મશીનરીમાં મહત્વનો ભાગ ઇલેકટ્રોનિક કમ્પોનન્ટ હોય છે, જેથી તેનું ઘ્યાન રાખવાની જરૂર છે. આ સમયગાળામાં આખી ફેકટરીની સાફસફાઇ કરી શકાય છે. વોટર ટેન્ક અને આરઓ પ્લાન્ટને સાફ કરવો જોઇએ. વોટર પમ્પ અને ચેઇન્જ બારને સાફ કરી શકાય છે. કોકોનટ ઓઇલથી સ્પ્રે મારી શકાય છે પણ ત્યારબાદ યાર્ન અને લૂમ્સને ઉંદરથી સાચવવાના રહેશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ભારતનું ટેક્ષટાઇલ માટેનું એક્ષપોર્ટ માત્ર ૫ ટકા છે. આથી ભારતને લોકડાઉનથી ગંભીર અસર પડશે નહીં. જે દેશો ૧૦૦ ટકા એક્ષપોર્ટ કરે છે તેઓ વધારે અસરગ્રસ્ત થશે. હવે તો યુરોપિયન કન્ટ્રી ચાઇનાથી કોઇપણ પ્રોડકટ ખરીદશે નહીં, જેનો એડવાન્ટેજ પણ ભારતને મળશે. લોકડાઉન બાદ કદાચ એવું બની શકે છે કે ભારતનું ટેક્ષ્ટાઇલ માટેનું એક્ષપોર્ટ ૫ ટકાથી વધીને ૧૦ ટકા થઇ જશે. કારણ કે લોકડાઉન બાદ ફેબ્રિકની શોર્ટેજ વર્તાશે. ફેબ્રિક કોસ્ટ નીચે રહેશે એટલે પોલીસ્ટર ફેબ્રિકની ડિમાન્ડ વધશે. આથી વિવર્સે મશીન માટે અને માર્કેટ માટે વધારે ટેન્શન લેવાની જરૂર નથી. અઠવાડિયા કે પખવાડિયા સુધી માર્કેટ ડાઉન રહેશે પણ ત્યારબાદ ખૂબ જ સારી પરિસ્થિતિનું નિર્માણ થશે.

ચેમ્બરની જીએફઆરઆરસી કમિટીના કો–ચેરમેન શ્રી હિમાંશુ બોડાવાલાએ કુશળતાપૂર્વક વેબીનારનું સંચાલન કર્યુ હતુ. આ વેબીનારમાં દેશભરમાંથી ૪૮૬ જેટલા લોકોએ ભાગ લીધો હતો અને તેઓનો ખૂબ જ સારો પ્રતિભાવ સાંપડયો હતો. ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.